GJTP020044372024

सत्यमेव जयते

<table>
<tr><td>આંકઃ</td><td colspan="3">46</td></tr>
<tr><td>કેસ રજુ તારીખઃ</td><td colspan="3">૧૪–૧૧–૨૦૨૪</td></tr>
<tr><td>કેસ રજીસ્ટર તારીખઃ</td><td colspan="3">૧૪–૧૧–૨૦૨૪</td></tr>
<tr><td>કેસ ફેસલ તારીખઃ</td><td colspan="3">૦૮–૦૮–૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમયગાળોઃ</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૧</td><td>૦૮</td><td>૨૫</td></tr>
</table>

---

## વ્યારાનાં મે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, તાપી @ વ્યારા.

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૨૪૭ / ૨૦૨૪.**

**અરજદારઃ–**

**(૧) હિના અજીત પઠાણ તે નિશાર બલદાર શેખની પુત્રી**

ઉ.વ.આ.૩૦, ધંધોઃ– ઘરકામ,

**(૨) સગીર ઝેહાન અજીત પઠાણ**

ઉ.વ. ૩ વર્ષનાં વાલી અને ઇષ્ટમીત્ર
અરજદાર નં.૧.
બંને રહે. સીલ્વર લેક એપાર્ટમેન્ટ, ગાયત્રીમાતાનાં મંદિરની પાછળ, ફ્લેટ નં.૮૦૧, તા.વ્યારા, જિ.તાપી.

**વિરૂધ્ધ**

**સામાવાળાઓઃ–**

**(૧) અજીત રફીક પઠાણ**

ઉ.વ.આ.૩૪, ધંધોઃ– હોટલ વ્યવસાયનો,

રહે. સી–૩૩, અલ તોહીદ પાર્ક સોસાયટી, ચાવજ રોડ, રાહડપોરગામ, ભરૂચ.

**અરજઃ– ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૧૪૪.**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી. આર. એન. દેસાઇ

સામાવાળાઓ તરફે વિ.વ.શ્રી. કે. ડી. ભટ્ટ.

---

**-:: જ જ મે ન્ટ ::-**

**૧. અરજદારની અરજીની ટુંકમાં વિગત**

**૧.૧** અરજદારનાં નિકાહ આ કામનાં સામાવાળા જોડે તા.૧૭-૦૯-૨૦૧૭ ના રોજ મુસ્લીમ રીત-રીવાજ મુજબ વ્યારા મુકામે થયેલ હતાં અને નિકાહ બાદ અરજદાર આ કામનાં સામાવાળાને ત્યાં રહેવા માટે સામાવાળાનાં સરનામે રહેવા માટે ગયેલા હતા. સામાવાળાનાં પિતા હયાત ન હોય આ કામનાં સામાવાળા અને સામાવાળાની માતા ખેરૂનિશા રફિક પઠાણ કે જેઓ ખેરૂનિશા રફિક પઠાણ કે જેઓ તેઓનાં સાસુ હોય તેમની જોડે શરૂઆતમાં બે મહિના લગ્નજીવન સારી રીતે ચાલેલું. અરજદારનાં પિતાએ સમાજનાં રીત-રીવાજ મુજબ ઘરનો સામાન આપેલો.

**૧.૨** વધુમાં અરજદારની અરજી મુજબ, અરજદારનાં પતિ હોટલનાં વ્યવસાય કરતાં હોય જે લાંબા સમય બાદ ઘરે આવતાં હોય છે. અરજદારનાં સાસુએ વર્ષ ૨૦૧૭ નાં ડિસેમ્બર મહિનામાં અરજદાર પાસે રૂ.૫૦,૦૦૦/- ની માંગણી કરેલી જેથી અરજદારે આટલી મોટી રકમ તેઓ પાસે ન હોવાનું જણાવત તે રકમ અરજદારનાં પિતા પાસે લાવવા જણાવેલું. જેથી અરજદારનાઓએ સદર બાબતે તેઓના પતિને ફોનથી જાણ કરતાં તેઓએ કહ્યુ કે, અમ્મા જેમ કહે તેમ અરજદારે કરવાનું છે જો તેઓ તે મુજબ ન કરે તો સામાવાળા અરજદારને કાઢી મુકશે. જેથી અરજદાર ગભરાઈ જતાં તેઓએ સાસુને કહેલુ કે, તેઓએ તેમનાં પિતાને વાત કરવી પડશે. જે બાદ સાસુએ કહ્યુ કે ૧૫ દિવસમાં આટલી રકમ નહીં લાવે તો અરજદારને કાઢી મુકશે. જેથી અરજદારે તેઓનાં પિતાને વાત કરતાં આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાં છતાં ગમે તે રીતે રૂ.૫૦,૦૦૦/- રોકડા સામાવાળાને આપેલ હતાં. અરજદારને થયેલ કે આટલેથી અટકી જશે પરંતુ અરજદારનાં પતિ

બહારગામ જતાં હોય તેઓએ કહેલું કે, આવી રકમ તમારે માંગ્યે ત્યારે આપવી જ પડશે. સામાછાળાની માતા માનસિક ત્રાસ આપતા હતાં.

**૧.3** વધુમાં અરજદારની અરજી મુજબ, તેઓનાં પતિ હોટલનાં કામે કિમ જતાં હોય તે સમય દરમ્યાન વર્ષ–૨૦૧૮ માં અરજદારનાં સાસુ અરજદાર પાસે વારંવાર રૂપિયાની માંગણી કરતાં હોય અને અરજદારને જણાવેલ કે રૂપિયા નહીં આપે તો ઘરમાં રહેવા દેવાના નથી. જે બાબતે પતિને કહેતાં કહ્યુ કે સાસુ જેમ કહે તેમ કરવાનું. વર્ષ–૨૦૧૮ નાં મહોરમનાં સમયે અરજદારને તેઓનાં પતિએ ખૂબ માર મારેલ અને તેઓ કંઇ લાવેલ નથી એમ કહી બીજા રૂા.૫૦,૦૦૦/– મંગાવેલ. ત્યારે અરજદારે તેઓનાં પિતાને વાત કરતાં કહ્યુ કે આટલા નાંણા તેઓ પાસે ન હોવાની રજૂઆત સાસુ અને પતિને કરતાં નાલાયક ગાળો આપી ઘરમાંથી નિકળી જવાનું કહેતાં અને બીજી પત્ની લાવવાના છે તેમ માનસીક ત્રાસ આપતા હોવા છતાં અરજદારનો સંસાર બગડે નહીં અને અરજદારનાં પિતાનો બોજ ન બને તે આશયથી ત્રાસ મુંગા મોઢે સહન કરતાં હતા. અરજદારનાં પતિ લાંબો સમય ઘરની બહાર રહેતા અને ખોટા ધંધા કરતાં હોય અને નાણા ઉછીના લેતાં હોય પતિ વિરૂદ્ધ ઘણા ઈસમોનાં ભરૂચ કોર્ટમાં ચેક બાઉન્સનાં કેસો ચાલતાં હોવાનું જણાવેલ છે.

**૧.૪** વધુમાં અરજદારની અરજી મુજબ, વર્ષ ૨૦૨૦ માં પ્રેગન્સી રહેતા તેઓનાં પિતાને ત્યાં વ્યારા મુકામે રહેવા આવેલ. અરજદારનાં આખરી મહિના રહેતા હોવા છતાં સામાવાળા કે તેઓનાં માતા અરજદારને મળવા આવેલ નહીં. તા.૧૭–૦૧–૨૦૨૧ ના રોજ સગીર ઝેહાનનો બારડોલી મુકામે જમનાબા હોસ્પિટલમાં જન્મ થયેલ અને ડિલીવરીનો ખર્ચ અરજદારનાં પિતાએ કરેલ હતો. સામાવાળાને મળવા શા માટે નહીં આવતાનું પુછતાં કહેલ કે, તેઓ પર નામ. કોર્ટમાંથી વોરંટ ચાલતું હોય જેથી નીકળાય નહીં. આ સમય દરમ્યાન કોરોના ચાલતો હોય અરજદારનાં માતા તથા ભાઈને કોરોના થતાં અરજદારે સામાવાળાને અરજદારને સગીર ઝેહાન સાથે ગમે તે રીતે તેડી લઈ જવાનું કહેતા સામાવાળા એપ્રિલ–૨૧ માં અરજદાર અને ઝેહાનને લેવા માટે વ્યારા આવેલ અને ભરૂચ મુકામે લઈ ગયેલા. ત્યારબાદ સગીર ઝેહાનને તાવ આવતાં તુરંત હોસ્પિટલ ભરૂચ એડમીટ કરેલ

તથા ૩ દિવસ ટ્રીટમેન્ટ બાદ વધુ ટ્રીટમેન્ટ માટે નિર્મલ ચાઇલ્ડ હોસ્પિટલ, ઉધના, સુરત લઇ ગયેલ. ત્યાં તેનું એમ.આર.આઇ કરતાં બ્રેઇન ડેમેજ હોવાનું માલુમ પડતા ૧૫ દિવસ હોસ્પિટલ રહ્યા બાદ ભરૂચ પરત આવેલ. સામાવાળા અને તેમનાં માતાનું વર્તન બદલાઇ ગયેલ અને જણાવેલ કે આ બાળકનું ભરણ–પોષણ અને દવાનો ખર્ચ અરજદાર કરે તેઓ કરવાના નથી. ૦૨–૦૫–૨૦૨૧ ના રોજ સામાવાળા અરજદારનાં પિતાને ત્યાં મુકી જતા રહી ફરી જોવા આવેલ નહીં. વર્ષ–૨૦૨૧માં અરજદારે મહિલા પોલીસ સ્ટેશન, વ્યારા ખાતે આ કામનાં સામાવાળાનાં ખરાબ વર્તન બદલ ફરિયાદ કરેલ અને ત્યાં હાજર થઇ મૌખિક રીતે આવું ફરી નહીં કરેની બાહેંધરી આપી સમાધાન થયેલ. જે બાદ ડિસેમ્બર–૨૦૨૧ માં અરજદારને તેડી લઇ જઇ પણ મળા–ટોળા મારતા કે જીહાન સંપૂર્ણ સારો થઇ શકે તેમ ન હોય આખી જીંદગી સારવાર કરાવાની હોય અરજદાર સામાવાળાને તલાક આપી અરજદારનાં મા–બાપને ત્યાં જતી રહેવા વારંવાર જણાવી અરજદારને માનસીક ત્રાસ આપતા આવેલ. જેથી બનેવીઓ પાસેથી મદદ લઇ રૂપિયા મેળવી સગીર ઝેહાનની સારવાર ચાલુ રાખેલ.

**૧.૫** વધુમાં અરજદારની અરજી મુજબ, જે બાદ સામાવાળાને એમ લાગતા કે સગીર જીહાન સંપૂર્ણ સ્વસ્થ થઇ શકે તેમ ન હોય જેથી તા.૧૩–૧૧–૨૦૨૨ નાં રોજ અરજદારને સગીર ઝેહાનને પહેરેલ કપડે કાઢી મુકી ત્યારથી અરજદાર સગીર સાથે અરજદારનાં માતા–પિતાને ત્યાં આજદિન સુધી ઓશીયાળુ જીવન ગુજારતાં આવેલ છે. સામાવાળા અરજદાર કે સગીર ઝેહાનને મળવા આવેલ નથી કે ભરણપોષણ તેમજ મેડીકલ ખર્ચની કોઇ વ્યવસ્થા કરેલ ન હોવાથી સદર અરજી કરવાનું કારણ ઉપસ્થિત થયેલ હોવાનું જણાવેલ છે. સદર કામનાં સામાવાળા શરીરે સશકત હોય તેમજ હોટલનો વ્યવસાય કરી હોટલ ભાડે રાખી માસિક રૂ.૨,૦૦,૦૦૦/– જેટલી આવક કમાય છે.

**૧.૬** વધુમાં અરજદાર અરજી કરી દાદ માંગેલ છે કે, સદર કામનાં સામાવાળા પાસેથી અરજદાર નં.૧ ને રૂ.૧૦,૦૦૦/– તથા સગીર અરજદાર નં.૨ ને રૂ.૨૦,૦૦૦/– કુલ રૂ.૩૦,૦૦૦/– અરજી દાખલ

તારીખથી દર માસે ચુકવવા તથા સદર અરજીનાં ખર્ચ પેટે રૂ.૧૦,૦૦૦/- સામાવાળા પાસેથી અપાવવા અરજ કરેલ છે.

**૨.** સામાવાળાને નોટિસ કાઢતા સામાવાળા તેઓનાં વિ.વશ્રી મારફત હાજર થઇ અરજીનો જવાબ આપવામાં બીનજરૂરી વિલંબ કરતા હોવાથી અરજદારની આંક-૧૩ ની અરજી લગત સામાવાળાનો જવાબનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૩.** અરજદાર તરફે નીચે મુજબ પુરાવો રજુ થયેલ છે.

**-: મૌખિક પુરાવો :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદારની સોગંદ પરની સરતપાસ. | આંક-૨૨ |

**-: દસ્તાવેજી પુરાવા :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદારનાં આધારકાર્ડની એટેસ્ટેડ કોપી | ૨૫ |
| ૨. | સગીર ઝેહાનની આધારકાર્ડની એટેસ્ટેડ કોપી | ૨૬ |
| ૩. | નિકાહનામા પ્રમાણપત્રની એટેસ્ટેડ કોપી | ૨૭ |
| ૪. | સગીર ઝેહાનનાં જન્મના દાખલાની એટેસ્ટેડ કોપી | ૨૮ |
| ૫. | સગીર ઝેહાનના યુનીક ડિસેબીલીટી આઇ.ડી. ની એટેસ્ટેડ કોપી | ૨૯ |
| ૬. | સગીર ઝેહાનના ડિસેબીલીટી સર્ટી.ની એટેસ્ટેડ કોપી | ૩૦ |
| ૭. | સામાવાળા ઉપર ભરૂચ સીવીલ કોર્ટમાંથી ફો.કે. નં.૧૨૦/૨૦૧૯ ના કામે આવેલ સમન્સની અસલ નકલ. | ૩૧ |
| ૮. | સામાવાળા ઉપર ભરૂચ સીવીલ કોર્ટમાંથી ફો.કે. નં.૫૦૧૫/૨૦૧૭ ના કામે આવેલ સમન્સની અસલ નકલ. | ૩૨ |
| ૯. | સામાવાળા ઉપર ભરૂચ સીવીલ કોર્ટમાંથી ફો.કે. નં.૨૫૯૯/૨૦૧૮ ના કામે આવેલ સમન્સની અસલ | ૩૩ |

| | | |
|---|---|---|
| | નકલ. | |
| ૧૦. | સામાવાળા ઉપર ભરૂચ સીવીલ કોર્ટમાંથી ફો.કે. નં.૩૫૪૯/૨૦૧૮ ના કામે આવેલ સમન્સની અસલ નકલ. | ૩૪ |
| ૧૧ | તા.૨૮–૦૯–૨૦૨૪ ના મેડીકલ બીલની અસલ નકલ | ૩૫ |
| ૧૨ | તા.૦૮–૧૧–૨૦૨૪ ના મેડીકલ બીલની અસલ નકલ | ૩૬ |
| ૧૩ | તા.૦૩–૧૨–૨૦૨૪ ના મેડીકલ બીલની અસલ નકલ | ૩૭ |
| ૧૪ | તા.૦૧–૦૧–૨૦૨૫ ના મેડીકલ બીલની અસલ નકલ | ૩૮ |
| ૧૫ | તા.૦૫–૦૨–૨૦૨૫ ના મેડીકલ બીલની અસલ નકલ | ૩૯ |
| ૧૬ | અરજદારે કાસમભાઇ શૈયદ પાસેથી મેળવેલ રૂા.૩૦,૦૦૦/– નાં ટ્રાન્જેકશનની નકલ | ૪૦ |
| ૧૭ | સામાવાળા રોયલ કિચન, અંકલેશ્વર ખાતે હોટલ ધરાવતા જેની ઇન્સ્ટાગ્રામ આઇ.ડી.ની નકલ | ૪૧ |
| ૧૮ | અરજદાર અને સામાવાળા વચ્ચે થયેલ નિકાહનાં ફોટાની નકલ (૧ નં.) | ૪૨ |
| ૧૯ | અરજદાર અને સામાવાળા વચ્ચે થયેલ નિકાહનાં ફોટાની નકલ (૨ નં.) | ૪૩ |
| ૨૦ | કલોઝીંગ પુરસીસ | ૪૪ |

**૪.** સામાવાળા કે તેઓનાં વિ.વશ્રી હાજર ન રહેતા અરજદારની આંક–૪૫ ની અરજી લગત સામાવાળાનો પુરાવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૫.** સદર કામે અરજદાર તરફે તેઓનાં વિ.વશ્રી તરફે મૌખિક દલીલ સાંભળવામાં આવેલ તથા સામાવાળા તરફે કોઇ રજૂઆત કરવામાં આવેલ નથી.

**૬.** આ કામે અરજી તથા રેકર્ડ પર રજૂ થયેલ પુરાવાની હકીકતો ધ્યાને લેતા હાલની અરજીનાં ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– : મુદ્દાઓ :–**

1. શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળાએ અરજદારોનું ભરણપોષણ કરવા બેદરકારી દાખવેલી છે?
2. શું અરજદાર પુરવાર કરે છે, સામાવાળા પાસે અરજદારનું ભરણપોષણ કરવા પુરતા સાધનો છે?
3. શું અરજદાર, અરજદારનાઓએ પુરતા કારણો સિવાય સામાવાળા સાથે રહેવાનો ઈન્કાર કરેલ છે?
4. શું અરજદાર માંગ્યા મુજબનું ભરણપોષણ મેળવવા હક્કદાર છે?
5. શું હુકમ.?

**૭.** ઉપરોક્ત મુદ્દાઓ સંદર્ભે મારા નિર્ણયો અને તેનાં કારણો નીચે મુજબ છે.

1. હકારમાં.
2. હકારમા.
3. નકારમા.
4. અંશત:હકારમા.
5. આખરી હુકમ મુજબ

**– : કારણો :–**

**૮. મુદ્દા નં.૧ અને ૩ ની સંયુકત ચર્ચા:–**

પુનરાવર્તન ટાળવાનાં આશયથી મુદ્દા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા હાથ ધરેલ છે. અત્રે જણાવવું આવશ્યક છે કે રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેતાં અરજદારનાં સામાવાળા સાથે તેમના રીત રીવાજ મુજબ વ્યારા મુકામે લગ્ન થયેલ અને જે લગ્નજીવનથી અરજદાર નં.૨ નો જન્મ થયેલ હોવાનું જણાવેલ છે અને સદરહું હકીકતનું ખંડન સામાવાળા તરફે લેખીત જવાબનાં માધ્યમથી કે પુરાવાનાં માધ્યમથી કરેલ ન હોય જેથી અરજદાર નં.૧ પત્ની

જયારે અરજદાર નં.૨ પુત્ર હોવાનું સામાવાળા તરફે કોઈ તકરાર ન હોવાનું રેકર્ડ પર આવેલ પુરાવાથી માનવાને કારણ છે.

(૮.૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૨૫ મુજબ અરજદારે હાલની અરજી કરેલ છે અને તે જોગવાઈમાં જણાવેલ તત્વો મુજબ સૌપ્રથમ એ હકીકત અરજદારે પુરવાર કરવાની રહે છે કે, "સામાવાળા દ્વારા અરજદારનું ભરણપોષણ કરવામાં બેદરકારી, ઉપેક્ષા દાખવેલ છે અથવા ભરણપોષણ કરવાનો ઈન્કાર કર્યો છે. બેદરકારી અને ઉપેક્ષા ભાવાત્મક શબ્દો છે તથા માનસીક પ્રક્રિયા દ્વારા ફલીત થતી લાગણી છે. બેદરકારી અને ઉપેક્ષા નક્કી કરવા માટે કોઈ બેરોમીટર હોતું નથી. પરંતુ પક્ષકારોની વર્તણુંક અને કેસનાં સંજોગો પરથી નક્કી થઈ શકે છે. હાલનાં અરજદાર સામાવાળાનાં પત્ની હોય તેવા સંજોગોમાં પત્નીને અંગત જીવનમાં કૌટુંબીક રીતે તથા બાહ્ય જીવનમાં સામાજીક રીતે દરજ્જો મળવો જોઈએ. પત્નીને સતત અપમાનીત વહેવાર માનસીક ત્રાસ ગણાય અને કાયદાથી મળેલ અધિકાર કોઈપણ જાતનાં વ્યાજબી કારણ વિના તે અધિકારથી વંચીત રાખવામાં આવનાર કૃત્ય પણ બેદરકારી અને ઉપેક્ષાની લાગણી જન્માવે છે.

(૮.૨) અરજદારનાં વિ.વશ્રીઓની દલીલ લક્ષમાં લેતા તથા દફતરી સામગ્રી પર આવેલ પુરાવા ધ્યાને લેતાં સામાવાળા દ્વારા અરજદારનાં ભરણપોષણની વ્યવસ્થા કરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો રજુ કરેલ નથી. અરજદાર નં.૧ સામાવાળાનાં કાયદેસરનાં પત્ની થતા હોય સામાવાળાની નૈતિક, કાનૂની અને ધાર્મીક ફરજ બને છે કે સામાવાળા પોતાની પત્નીનું ભરણપોષણ કરે.

(૮.3) અરજદાર તરફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે આ કામનાં સામાવાળાએ કોઈપણ જાતનાં વાજબી કારણ વિના અરજદારનો ત્યાગ કરેલ છે અને હાલ અરજદાર પોતાના પીયરમાં ઓશીયાળું જીવન જીવે છે. સામાવાળાએ અરજદારનાં ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરેલ નથી. સામાવાળા પાસે આવકનાં પુરતા સાધન હોવા છતાં અરજદારને ભુખે મરવાનો સમય આવેલ હોય તથા અરજદાર નં.૨ સગીર જેઓ ૮૦% ડિસેબલીટી ધરાવતો હોય જેની દવા-દારૂની જવાબદારી પણ અરજદાર

નં.૧ની શીરે હોય જેથી અરજદારે પોતાના ભરણપોષણ મેળવવાની હાલની અરજ કરેલ છે જેથી અરજી કર્યા તારીખથી અરજદારને તથા સગીરને મળી કુલ રૂા.૩૦,૦૦૦/– ભરણપોષણ ચુકવવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૮.૪) શું અરજદારે વ્યાજબી કારણ વિના સામાવાળાનો ત્યાગ કરેલ છે કે કેમ? અત્રે જણાવવું આવશ્યક છે કે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૨૫(૪) માં કરેલ જોગવાઇ મુજબ કોઇ પત્ની કોઇ પુરતા કારણ વિના તેના પતિ સાથે રહેવાનો ઈન્કાર કરે તો આ કલમ હેઠળ તે તેના પતિની પાસેથી ભરણપોષણનું ભથ્થું મેળવવા હક્કદાર ગણાશે નહીં. રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેતાં અરજદાર તેના સરતપાસનાં સોગંદનામામાં જણાવેલ છે કે સામાવાળાએ શરૂઆતમાં થોડો સમય સારી રીતે રાખેલા ત્યારપછી મારપીટ કરી પીયરમાંથી રૂપિયા લાવવાનું જણાવી બીમાર સગીર ઝેહાનને આજદીન સુધી સામાવાળા અરજદારને તેડી જવા કોઇ પ્રયત્ન કરેલ નથી કે ભરણપોષણ માટેની કોઇ રકમ પણ આપેલ નથી. સદરહું હકીકતનું ખંડન સામાવાળા દ્વારા અરજદારની ઉલટતપાસમાં કરેલ નથી. આમ, અરજદારનું ભરણપોષણ કરવામાં બેદરકારી અને ઉપેક્ષા દાખવેલ હોવાનું પુરવાર થતું હોય અને સામાવાળાએ અરજદારનો પુરતા કારણ વિના ત્યાગ કરેલ હોવાનું માનવાને કારણ હોય જેથી **મુદ્દા નં. ૧** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે અને **મુદ્દા નં.૩** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે.

૯. **મુદ્દા નં.૨ અને ૪ ની સંયુકત ચર્ચા:–**

(૯.૧) અરજદારપક્ષે એ સાબિત કરવાનું રહે છે કે, સામાવાળા પાસે આવકનાં પુરતા સાધનો છે. સામાવાળા હોટલ ભાડે રાખી માસીક રૂા.૨,૦૦,૦૦૦/– કમાય છે. પરંતુ અરદાર તરફે સામાવાળાની આવક અંગે જે પુરાવો આપે છે તેના સમર્થનમાં કોઇ દસ્તાવેજી પુરાવાથી પુરવાર થયેલ નથી. જયારે સામાવાળા દ્વારા તેઓની સાચી આવક સબંધે કોઇ પુરાવો આપેલ નથી અને તેઓ સરતપાસ માટે કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી. સામાવાળા માસીક કેટલુ કમાય છે તેની ચોક્કસ જાણકારી સામાવાળાને હોઇ શકે. વધુમાં બી.એસ.એ. ની કલમ – ૧૦૯ ની જોગવાઇ ધ્યાને લેતાં કોઇ હકીકત ખાસ કરીને કોઇ વ્યકિતની જાણમાં હોય ત્યારે તે હકીકત સાબીત

કરવાનો બોજો સામાવાળા ઉપર છે. અરજદારે આંક–૨૨ નાં પુરાવામાં સામાવાળા હોટલ ભાડે રાખી તેનો વ્યવસાય કરી માસીક રૂપિયા ૨ લાખ કમાતા હોવાનું જણાવેલ છે. પરંતુ તે હકીકતનાં અસ્તીત્વ સબંધે હકારાત્મક પુરાવા રજૂ કરેલ નથી. સાથોસાથ સામાવાળાએ પણ તેની કેટલી આવક છે તે સબંધે પુરાવા રજૂ કલમ–૧૦૯ મુજબ રજુ કરી સાબિત કરેલ નથી. અરજદાર તરફે આંક–૪૧ થી રોયલ કીચનનાં નામથી ચાલતી હોટલનાં ઓનલાઇન સ્ક્રીનશોટની નકલ રજૂ કરેલ છે. પરંતુ, તે સબંધે બી.એસ.એની કલમ–૬૩ (૪) મુજબનું પ્રમાણપત્ર રજુ કરેલ નથી. આમ, રેકર્ડ પર આવેલ પુરાવા ધ્યાને લેતા તથા આજનાં પ્રવર્તમાન સંજોગો ધ્યાને લેતાં તથા અરજદાર તરફે જણાવ્યા મુજબ સામાવાળા હોટલનાં ધંધા સાથે સંકળાયેલ હોય જેથી સામાવાળા માસીક રૂપિયા પંદર હજારથી વધુ કમાતા હોવાનું માનવાને કારણ છે જથી, સામાવાળા પાસે આવકનાં પુરતા સાધનો હોવાનું માનવાને કારણ છે જેથી **મુદ્દા નં.૨** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**(૯.૨)** ઉપરોકત મુદ્દાઓમાં કરેલ ચર્ચા અને તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં અરજદાર નં.૧ સામાવાળાનાં કાયદેસરનાં પત્ની હોય અને અરજદાર નં.૨ સામાવાળાનાં પુત્ર થતાં હોય જેથી સામાવાળા પાસેથી માસીક ભરણ–પોષણ મેળવવા હક્કદાર બને છે. ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૨૫ ની જોગવાઇ લક્ષમાં લેતાં સાથોસાથ સામાવાળાની આવક, મોંઘવારીનો આંક, પક્ષકારોનો મોભો, દરજ્જો, જિવન જરૂરીયાતની ચીજવસ્તુઓનાં ભાવ, સામાવાળાની રહેવાની સ્થિતિ વિગેરે હકીકતો ધ્યાને લેવી જોઇએ. ભરણપોષણ માટેની જોગવાઇ એટલા માટે કરવામાં આવેલ છે કે પતિ દ્ધારા જેની ઉપર ધ્યાન આપવામાં આવતુ નથી તેવી સ્ત્રીનાં રક્ષણ માટે આ કાયદામાં જોગવાઇ કરવામાં આવેલ છે અને વિધિવિધાને તેને કાયદાનું સ્વરૂપ આપેલ છે અને કોર્ટનું વલણ આવી બાબતોમાં માનવતાવાદી, ઉદાર મતવાળુ હોવું જોઇએ અને ન્યાયનો હેતુ નિષ્ફળ ન જવો જોઇએ. સાથોસાથ એ હકીકત પણ લક્ષમાં રાખવી આવશ્યક છે કે અરજદારને એટલુ બધુ ભરણપોષણ અપાવવું જોઇએ નહીં કે જેથી અરજદારને સામાવાળાથી અલગ રહેવા માટે કાયમી પ્રોત્સાહન મળે અને

તેઓ વચ્ચે ભવિષ્યમાં સમાધાનનો માર્ગ બંધ થઇ જાય. વધુમાં હાલની મોંઘવારીનાં દર ધ્યાને લેતા હાલની અરજીમાં યોગ્ય રકમનું ભરણપોષણ અપાવવું જોઇએ જેથી અરજદાર સમાજમાં સ્વમાનભેર રીતે રહી શકે અને અનૈતિક કૃત્ય કરવા પ્રેરાય નહીં. સામાવાળાની જવાબદારીની સાથે આવક લક્ષમાં લેતા અરજદાર નં.૧ ને માસીક રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) તથા અરજદાર નં.૨ કે જેઓ શારિરીક ડિસેબીલીટી ધરાવતા હોય જેથી સારવાર અને ભરણપોષણ પેટે માસીક રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) અરજી કર્યાની તારીખથી ભરણપોષણની રકમ ચુકવવામાં આવે તો ન્યાયનો હેતુ સચવાય તેમ હોય જેથી **મુદ્દા નં.૪** નો જવાબ તે રીતે **અંશત:હકારમાં** આપી **મુદ્દા નં.૫** અંગે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**- : આખરી હુકમ :-**

1. અરજદારની હાલની અરજી આથી અંશત: મંજુર કરવામાં આવે છે.
2. આથી હુકમ કરવામાં આવે છે કે, સામાવાળાએ આ કામનાં અરજદાર નં.૧ ને માસીક ભરણપોષણની રકમ રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) તથા અરજદાર નં.૨ ને માસીક રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) આમ મળી કુલ્લે રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર) આ અરજીની તારીખથી ચઢયે-ચઢયા અને નિયમીત રીતે ચુકવી આપવા.
3. વધુમાં સામાવાળાએ અરજદારને હાલની અરજીનો ખર્ચ રૂા.૧,૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) ચુકવવો.
4. આ હુકમની સર્ટીફાઈડ નકલ અરજદારને વિનામુલ્યે પુરી પાડવી.

**હુકમ આજ રોજ તા.૦૮મી માહે ઓગષ્ટ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તારીખ: ૦૮/૦૮/૨૦૨૬
સ્થળ: વ્યારા

**(એમ. આઇ. એન. શેખ)**
ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,
તાપી, મુ.વ્યારા.
(Code:GJ-01327)

//S. S. Desai//